**SOUTH GUJARAT UNIVERSITY**
Udhna-Magdalla Road, P.B. No. 49
SURAT - 395 007 (Gujarat)
✆ : 2227141 to 2227146
**Fax :** (0261) 2227312
**Gram :** SOGUNI

**દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
ઉધના–મગદલ્લા રોડ, પો.બો.નં. ૪૯
સુરત – ૩૯૫ ૦૦૭ (ગુજરાત)
✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
ફેક્સ : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
તાર : સોગુની

**E-mail :** sgu@sguernet.in

સિન્ડિકેટની સામાન્ય સભા
તા.૧૯–૨–૨૦૦૪

ખાનગી
ફક્ત સભ્યોની જાણ માટે

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરુવાર, તા: ૧૯–૨–૨૦૦૪ ના રોજ સવારે, ૧૧–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

# : કાર્યવાહી :

| | | |
|---|---|---|
| ૧ | શ્રી પ્રેમકુમાર શારદા. (કુલપતિશ્રી) | હાજર |
| ૨ | – ખાલી – (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩ | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪ | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫ | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬ | આચાર્ય ઘનશ્યામપ્રસાદ છોટુભાઈ સનાઢ્ય | હાજર |
| ૭ | આચાર્ય ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮ | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯ | ડૉ.પંકજ કાન્તીલાલ હીરાધર | હાજર |
| ૧૦ | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા. | હાજર |
| ૧૧ | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા. | હાજર |
| ૧૨ | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩ | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ. | હાજર |
| ૧૪ | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | ગેરહાજર |
| ૧૫ | ડૉ.વિપુલ જે. સોમાણી | હાજર |
| ૧૬ | શ્રી જયેશ વી દેશકર | હાજર |
| ૧૭ | શ્રી હર્ષદભાઈ પ્રભુદાસ શાહ | ગેરહાજર |

સભાનું કાર્ય શરૂ થાય તે પહેલાં નીચેનો શોક દર્શક ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો. જેને સભા ગૃહે બે મિનિટનું મૌન પાળી પસાર કર્યો હતો:

## શોક દર્શક ઠરાવ

### સ્વ.શ્રી ઉમેશભાઈ ભટ્ટ:

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા નવયુગ સાયન્સ કોલેજનાં વ્યાખ્યાતા શ્રી ઉમેશભાઈ અમૃતભાઈ ભટ્ટનું તા.૫–૨–૨૦૦૪ના રોજ થયેલ શોકજનક નિધન બદલ ઘેરા શોક અને આઘાતની લાગણી અનુભવે છે.

સૂરતની નવયુગ સાયન્સ કોલેજમાં અધ્યાપક તરીકે તેમણે સુદીર્ઘ સેવાઓ આપી હતી. તેમના અકાળ અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલી આપત્તિ સહન કરવાની પ્રભુ શકિત આપે તેમજ સ્વર્ગસ્થના પવિત્ર આત્માને ચિરશાંતિ આપે એવી આ સભા પ્રાર્થના કરે છે.

(૧) સિન્ડિકેટ, તા ૨૯–૧–૨૦૦૪ની સામાન્ય સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૯–૧–૨૦૦૪ની સમાન્ય સભાની કાર્યવાહી નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી હતી. ત્યાર બાદ અધ્યક્ષશ્રીએ સહી કરી હતી :

સિન્ડિકેટની તા.૨૯–૧–૨૦૦૪ના પાના નં–૩ પર ઠરાવ ક્રમાંક: (૧) માં 'આથી ઠરાવવામાં આવે છે કે', ને બદલે 'આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે', એમ સુધારીને વાંચનમાં લેવું.

(૨) શ્રી વિવેકાનંદ એજ્યુકેશન એન્ડ ચેરીટબલ ટ્રસ્ટ, કલોલ પંચમહાલ ધ્વારા સૂરત મુકામે સૂચિત હોમિયોપેથી કોલેજ, શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી શરૂ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલને મોકલેલ જોડાણઅરજીના સંદર્ભમાં જરૂરી કાર્યવાહી કરી એકેડમિક કાઉન્સિલ અને સિન્ડિકેટે ઠરાવ્યાનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ માટે એક વર્ષનું નવું જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવામાં આવી હતી પરંતુ પ્રસ્તુત કોલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૪ના વર્ષમાં શરૂ કરી નથી, ત્યાર બાદ, પ્રસ્તુત જોડાણ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ માટે ચાલુ રાખવા પ્રસ્તુત ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૧૨–૧–૨૦૦૪ના પત્ર થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી વિવેકાનંદ એજ્યુકેશન એન્ડ ચેરીટબલ ટ્રસ્ટ કલોલ પંચમહાલ ધ્વારા સૂરત મુકામે સૂચિત હોમિયોપેથીક કોલેજ, શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ માટેના જોડાણ અરજીના સંદર્ભમાં ગુજરાત સરકાર તથા ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડિયન સિસ્ટમ

ઓફ મેડિસીન એન્ડ હોમિયોપેથીક નવી દિલ્હીની મંજૂરી મેળવી યુનિવર્સિટીમાં રજૂ કરવા જણાવવું. જે મળેથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવું.

(૩) બીલીમોરા વિભાગ કેળવણીમંડળ, બીલીમોરા સંચાલિત સૂચિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ એમ.સી.એ.નું શૈક્ષણિક વર્ષ:૨૦૦૪–૨૦૦૫ થી નવું જોડાણ મેળવવા પ્રસ્તુત મંડળના માનદ્ ડાયરેકટરશ્રીએ તેમના તા.૧–૧૨–૨૦૦૩ના પત્રાંક:૯૪/૨૦૦૩–૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બીલીમોરા વિભાગ કેળવણી મંડળ, બીલીમોરા સંચાલિત સૂચિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ એમ.સી.એ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી નવું જોડાણ માટેની જોડાણ અરજી સ્વીકારવી નહીં, અને નિયમાનુસાર તેઓને ભરેલ ફી પરત કરવી.

(૪) ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશન, સુરત સંચાલિત સચીન મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી બી.ઈ.ઈ. કોલેજ ઓફ એજ્યુકેશન, (સ્વનિર્ભર બી.એડ્.) નું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત ફાઉન્ડેશનના મંત્રીશ્રીએ તેમના તા.૩૦–૧–૨૦૦૪ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૫) ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશન, સુરત સંચાલિત સચીન મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫થી બી.એમ.ઈ.ઈ. કોલેજ ઓફ એજ્યુકેશન, (સ્વનિર્ભર બી.પી.એડ્.) નું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત ફાઉન્ડેશનના મંત્રીશ્રીએ તેમના તા.૩૦–૧–૨૦૦૪ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૬) બિલિમોરા વિભાગ કેળવણી મંડળ, બિલિમોરાની સ્વનિર્ભર અભ્યાસક્રમ એમ.સી.એ. શરૂ કરવા બાબત ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજ્યુકેશન, નવી દિલ્હી (AICTE) ને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું એન.ઓ.સી.(N.O.C) નિયત પત્રક (ફોર્મેટ)માં મોકલવા માનદ નિયામકશ્રીએ તેમના તા.૨૪–૧૧–૨૦૦૩ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત અભ્યાસક્રમ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૨૦૦૫ માટે એન.ઓ.સી. આપવું નહીં.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, એમ.સી.એ.ના અભ્યાસક્રમ માટે નવા જોડાણ આપવા નહીં.

(૭) સને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષના વાર્ષિક અહેવાલનો ખરડો તૈયાર કરવા માટે, સિન્ડિકેટે તેની તા: ૧૪–૮–૨૦૦૩ની સામાન્ય સભામાં બાબત ક્રમાંક: (૩) થી નિયુકત કરેલ "વાર્ષિક અહેવાલ સમિતિએ તૈયાર કરેલ યુનિવર્સિટીનો ૨૦૦૨–૨૦૦૩ (૩૭ મો) ના વર્ષના વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવા તેમજ આગામી સેનેટની વાર્ષિક સભામાં કયા સભ્યશ્રી પાસે રજૂ (MOVE) કરાવવો તે અંગે વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૨–૨૦૦૩(૩૭મો) ના વર્ષના વાર્ષિક અહેવાલનો ખરડો મંજૂર કરવો અને આગામી સેનેટની વાર્ષિક સભામાં ડૉ.કે.વી.દેસાઇ પાસે રજૂ (MOVE) કરાવવાનું રાખવું.

(૮) શ્રી એસ.એસ.આર.આર. શર્માજી ચેરીટેબલ ટ્રસ્ટ, સંચાલિત વાપી મુકામે સૂચિત સ્વનિર્ભર હોમિયોપેથીક કોલેજનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં, સિન્ડિકેટે, નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર તપાસ કરી યુનિવર્સિટીને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની, તા.૧૫–૯–૨૦૦૩ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંક:(૬૧) અન્વયે, વિચારણા કરી જૂન, ૨૦૦૩ થી વાપીની શ્રી એસ.એસ.આર.શર્માજી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, વાપી ધ્વારા સૂચિત હોમિયોપેથીક કોલેજનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજી સંદર્ભમાં અરજી નામંજૂર કરી ફરીથી અરજી કરવા જણાવવાનું ઠરાવતા, એકેડેમિક કાઉન્સિલના પ્રસ્તુત ઠરાવની યુનિવર્સિટી કાર્યાલયના તા.૧/૩–૧૦–૦૩ના પત્રાંક:એસ–એ(વાપી)(૦૩)/૮૭૩૫ થી પ્રસ્તુત ટ્રસ્ટને જાણ કરતાં પ્રસ્તુત ટ્રસ્ટના ચેરમેનશ્રીએ તેમના તા. ૨૮–૧–૨૦૦૪ના પત્ર સાથે યુનિવર્સિટી કાર્યાલયને જોડાણઅરજીની સાત નકલો મોકલી છે, તે અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૯) રજીસ્ટ્રાર અને કંટ્રોલર ઓફ એકઝામિનેશન્સની જગાઓ માટે ઘડવામાં આવેલ સ્ટેટ્યુટ ૨૧૧ થી ૨૨૨ સેનેટની તારીખ ૩૦–૩–૨૦૦૩ની સભામાં રજૂ કરતા પ્રસ્તૃત બાબત રીફર બેક કરવામાં આવી હતી અને તેથી આ બાબત અંગે પુન:વિચારણા કરવા સિન્ડિકેટની તા.૨૨–૫–૨૦૦૩ની ઠરાવ ક્રમાંક:(૨૪) હેઠળ (૧) શ્રી હેમંતભાઇ ટોપીવાલા (૨) ડૉ.વિક્રમભાઇ દેસાઇ (૩) પ્રા.જાગૃતિબેન પટેલની રચવામાં આવેલ સમિતિ તા. ૨૪–૭–૨૦૦૩ના રોજ મળી હતી. જે ધ્વારા સિન્ડિકટને ઉપરોકત સ્ટેટ્યુટ અંગે

કરેલ ભલામણ, જે આ સાથે સામેલ છે. તથા તે સાથે તે સમયના કંટ્રોલર ઓફ એકઝામિનેશન્સના તા.૨૫–૭–૨૦૦૩ના પત્ર પર વિચારણા કરવા તથા (૨) તે કોના ધ્વારા સેનેટમાં રજૂ (MOVE) કરવું તે અંગે વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૧૦) આગામી માર્ચ–૨૦૦૪માં યોજાનાર ૩૫માં વાર્ષિક પદવીદાન સમારંભ પ્રસંગે શિક્ષણ વિદ્યાશાખા હેઠળ બેચલર ઓફ ફીઝીકલ એજ્યુકેશન (એકવર્ષ) (Bachelor of Physical Education (One Year) ની પદવી એનાયત કરવાની હોઈ, પ્રસ્તુત પ્રમાણપત્ર છાપવા માટે કાર્યાલયે તૈયાર કરેલા ખરડા પર વિચારણા કરવા બાબત. (પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૧૧) યુનિવર્સિટી પરીક્ષાના મહેનતાણાંના દરો વધારવા બાબતમાં સાઉથ ગુજરાત કોલેજ એન્ડ યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના પ્રમુખશ્રી પ્રા.ડી.જે. વસાવડાના તા.૧૫–૧૨–૨૦૦૩ના પત્ર પર વિચારણા કરવા બાબત. (પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષાના મહેનતાણાંના દરો અંગેની માહિતી ગુજરાત રાજયની અન્ય યુનિવર્સિટીમાંથી મંગાવવી અને તે મળેથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

(૧૨) આગામી માર્ચ– ૨૦૦૪ માં યોજાનાર ૩૫માં વાર્ષિક પદવીદાન સમારંભથી નીચે મુજબની નવી ડિગ્રી એનાયત કરવાની થાય છે. પ્રસ્તુત પદવીના પ્રમાણપત્ર છાપવા માટે કાર્યાલયે તૈયાર કરેલા ખરડા પર વિચારણા કરવા બાબત. (પરીક્ષા)

(૧) વિનયન વિદ્યાશાખા હેઠળ
Bachelor of Arts
(Shastri)

(૨) વિનયન વિદ્યાશાખા હેઠળ
Master of Arts
(Acharya)

(૩) વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ
Bachelor of Science
(Information Technoloy)

(૪) વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ
P.G.Diploma in Instrumentation

(૫) વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ
Bachelor of Pharmacy

(૬) વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ

Bachelor of Computer Application

(૭) ગ્રામ્ય અભ્યાસ વિદ્યાશાખા હેઠળ

Bachelor of Rural Studies

(૮) શિક્ષણ વિદ્યાશાખા હેઠળ

Bachelor of Education

(Basic Education)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૧૩) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓનાં ડિગ્રી સર્ટિફિકેટ અને માર્કશીટની ૧ કોપીની ચકાસણી ( Verification ) ફી સિન્ડિકેટે તેની તા.૨૨–૧૦–૨૦૦૩ ઠરાવ નંબર (૨૬) થી સ્થાનિક તેમજ પરદેશના વિદ્યાર્થીઓ માટે ડિગ્રી સર્ટિફિકેટ તેમજ માર્કશીટની પ્રત્યેક કોપી દીઠ ચકાસણી ( Verification ) ફી રૂ.૫૦/– નકકી કરવામાં આવી છે. પ્રસ્તુત ફી માં પરદેશના વિદ્યાર્થીઓ (એન.આર.આઈ) માટે વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના ડિગ્રી સર્ટિફિકેટ અને માર્કશીટની ૧ કોપીની ચકાસણી ( Verification ) ફી સ્થાનિક તેમજ પરદેશના વિદ્યાર્થીઓ માટે નીચે પ્રમાણે લેવી:

| અનુ નંબર | વિગત | ફીની રકમ રૂ. નકલ દીઠ |
|---|---|---|
| ૧. | વિદ્યાર્થી જાતે ( Personally ) આવે ત્યારે | રૂ. ૫૦/– |
| ૨. | વિદ્યાર્થીઓને ટપાલથી પરદેશ મોકલવા માટે | રૂ. ૫૦૦/– |
| ૩. | વિદ્યાર્થીઓને ટપાલથી ભારતમાં મોકલવા માટે | રૂ. ૧૦૦/– |

(૧૪) યુનિવર્સિટી કેમ્પસ ઉપર ફુટબોલ અને હોકીની રમતો માટે ૧૦૦ મીટર × ૮૦ મીટરના બે મેદાનો બનાવવા માટે પીળી માટીનો લગભગ રૂ.૮,૦૦,૦૦૦/– (રૂપિયા આંઠ લાખ) જેટલો ખર્ચો થવાની શકયતા છે. તો આ ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(યુવક કલ્યાણ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ઉપર ફુટબોલ અને હોકીની રમતો માટે મેદાનો બનાવવા માટેનો ખર્ચ રૂ.૮,૦૦,૦૦૦/– (રૂપિયા આઠ લાખ) જેટલા ખર્ચની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે. મેદાન બનાવવા તળાવમાં ખોદાકામ કરી પીળી માટીનો મેદાન બનાવવા ઉપયોગ કરવો અને કાળી માટી કેમ્પસમાં અન્ય સ્થળે પાથરવી.

વધુમાં, બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, તળાવ ખોદાણકામ કરવાના ખર્ચનો અંદાજ મેળવી, પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિ સમક્ષ રજૂ કરવો અને પ્રસ્તુત ખર્ચ મંજૂર કરવાની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિને સત્તા આપવી.

(૧૫) બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજ્યુકેશન એન્ડ રીક્રીએશનમાં સ્ટેટયૂટ–૧૭૬–એ–૨ મુજબ સિન્ડિકેટે તેની તા.૫–૧૨–૨૦૦૩ની સભાના ઠરાવ નં.૧૯ થી ત્રણ સભ્યો (૧) શ્રી.આર.પી.પટેલ, નવસારી (૨) શ્રી. અજીતભાઈ ચૌહાણ, સુરત અને (૩) શ્રી. જે.સી.શર્મા, નર્મદાની નિમણૂક રી હતી. પ્રસ્તુત ત્રણ સભ્યોમાં શ્રી.આર.પી.પટેલ, નવસારી ડિસે.માં ૬૨ વર્ષ પુરા થઈ ગયા છે માટે ઉપરોકત બોર્ડ પર તેમની જગ્યાએ નવા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત. (યુવક કલ્યાણ)

Statute : 176(A)2

Three representatives who are not Principals, but are connected with sports and physical Education activities in colleges nominated by the Syndicate One each from the 'District'

:: આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ સ્પોર્ટસ ફિઝીકલ એજ્યુકશન એન્ડ રીક્રીએશન પર શ્રી આર.પી.પટેલની જગ્યાએ પ્રો.ધર્મિષ્ઠાબેન દવે, ધરમપુર ની નિમણૂક કરવી.

(૧૬) યુનિવર્સિટી એમ.બી.એ. અનુસ્નાતક વિભાગના વડાશ્રીના નીચેના એમ.બી.એ. પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીની ખુટતી હાજરી સંદર્ભનો તા.૨૦–૧–૨૦૦૪નો પત્ર ક્રમાંક નં. Exam/11/ATD/4/444/2004 રોજ મળેલ હોય જે સંદર્ભમાં નીચેના વિદ્યાર્થીની હાજરી મા.કુલપતિશ્રીએ સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ કોન્ડોન કરેલ હોય તે મા.કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત. (અનુસ્નાતક)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કુલ લેકચર | મીનીમમ લેકચર એટેન્ડ | વિદ્યાર્થીની હાજરી અને ટકા | ખુટતી હાજરી અને ટકા | હાજરી કોન્ડોન કરવા ભલામણ કરેલ છે કે કેમ? |
|---|---|---|---|---|---|---|
| ૧ | Chaudhari Manisha Gumansinh (ક્રમાંક–૧) | 419 100% | 315 75% | 207 49.28% | 108 25.72% | સિન્ડિકેટને ભલામણ કરેલ છે. |
| ૨ | Purohit Rachana R (ક્રમાંક–૫) | 419 100% | 315 75% | 208 49.52% | 107 25.48% | સિન્ડિકેટને ભલામણ કરેલ છે. |

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

(૧૭) યુનિવર્સિટી એમ.બી.એ. અનુસ્નાતક વિભાગના વડાશ્રીના નીચેના એમ.બી.એ. પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીની ખુટતી હાજરી સંદર્ભનો તા.૨૦–૧–૨૦૦૪નો પત્ર ક્રમાંક નં.

Exam/11/ATD/4/444/2004 રોજ મળેલ હોય જે સંદર્ભમાં નીચેના વિદ્યાર્થીની હાજરી કોન્ડોન કરવાની સત્તા સિન્ડિકેટને હોય જે પર વિચારણા કરવા બાબત. (અનુસ્નાતક)

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | કુલ લેક્ચર | મીનીમમ લેક્ચર એટેન્ડ઼ | વિદ્યાર્થીની હાજરી અને ટકા | ખુટતી હાજરી અને ટકા | હાજરી કોન્ડોન કરવા ભલામણ કરેલ છે કે કેમ? |
|---|---|---|---|---|---|---|
| ૧ | Patel Hemantkumar Khandubhai (ક્રમાંક–૩) | 419 100% | 315 75% | 172 40.95% | 143 34.05% | સિન્ડિકેટને ભલામણ કરેલ નથી. |
| ૨ | Datta Jaspal K. (ક્રમાંક–૮) | 402 100% | 302 75% | 150 37.75% | 152 37.75% | સિન્ડિકેટને ભલામણ કરેલ છે.(વિદ્યાર્થીની અરજી પર) |

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના એમ.બી.એ. પ્રથમ સેમેસ્ટરના ઉપરોક્ત વિદ્યાર્થીઓની હાજરી કોન્ડન કરવી નહીં.

(૧૮) સ્ટેટ્યૂટ – 189(1) (VIII) અન્વયે, બોર્ડ ઓફ યુનિવર્સિટી પબ્લિકેશન પર સિન્ડિકેટના એક સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત. (અનુસ્નાતક)

<u>સ્ટેટ્યૂટ – 189(1) (VIII) નો પાઠ નીચે પ્રમાણે છે</u>.

"Two members to be nominated by the Syndicate from among its members"

(નોંધ:–સિન્ડિકેટના તા.૫–૧૨–૨૦૦૩ના ઠરાવ અન્વયે (૧) આ.જી.પી.સનાઢ્ય અને

(૨) શ્રી. હર્ષદભાઈ શાહની નિયુક્તિ કરવામાં આવેલ પરંતુ આ.જી.પી.સનાઢ્ય સ્ટેટ્યુટ સ્ટેટ્યૂટ – 189(1) (VIII) અન્વયે વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષ તરીકે હોદ્દાગત સભ્ય (Ex-Officio Member) બનતાં હોઈ, તેમની જગ્યાએ અન્ય સિન્ડિકેટ સભ્યની નિયુક્તિ કરવાની થાય છે.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટ્યૂટ–189(1) (VIII) અન્વયે, બોર્ડ ઓફ યુનિવર્સિટી પબ્લિકેશન પર સિન્ડિકેટ સભ્યશ્રી હેમંતભાઈ ટોપીવાલાની નિમણૂક કરવી.

(૧૯) શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ દરમ્યાન બી.ઈ. ૧ના વર્ગમાં સુપ્રિમ કોર્ટના મનાઈ હુકમને કારણે મેનેજમેન્ટ ક્વોટાના તા.૨૭–૧૨–૦૩ પછી જે વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયા છે. તેઓ માટે નીચે પ્રમાણેની સૂચિત સત્ર વ્યવસ્થા આ.ડૉ.જે.સી.વ્યાસે તા.૭–૧–૦૪ના રોજ મોકલી છે, જે અંગે વિચારણા કરવા બાબત. (એકેડમિક)

PROPOSED TERM SCHEDULE OF B.E.-I
(THOSE WHO ADMITTED AFTER 27/12/2003)
FOR THE ACADEMIC YEAR 2003-2004
(ADMISSIONS DELAYED DUE TO SUPREME COURT STAY FOR MANAGEMENT QUOTA)

ODD SEM. (2003-2004)

| | | |
|---|---|---|
| 1. | TEACHING<br>INCLUDING SATURDAY SUNDAY<br>HOLIDAYS WORKING:<br><u>JANUARY</u><br>DATE: 10-11-17-18-24-25-26-31<br><u>FEBRUARY</u><br>DATE: 01-02-07-08-14-15 | 05-01-2004 TO 14-02-2004 |
| 2. | PREPARATION OR EXAMINATION | 16-02-2004 TO 21-02-2004 |
| 3. | THEORY EXAMINATION (ODD SEM.) | 23-02-2004 TO 02-03-2004 |

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ દરમ્યાન બી.ઈ–૧ માટે નીચે પ્રમાણેની સત્ર વ્યવસ્થા રાખવી:

PROPOSED TERM SCHEDULE OF B.E.-I
ODD SEM. (2003-2004)

| | | |
|---|---|---|
| 1. | TEACHING<br>INCLUDING SATURDAY SUNDAY<br>HOLIDAYS WORKING:<br><u>JANUARY</u><br>DATE: 10-11-17-18-24-25-26-31<br><u>FEBRUARY</u><br>DATE: 01-02-07-08-14-15 | 05-01-2004 TO 14-02-2004 |
| 2. | PREPARATION OR EXAMINATION | 16-02-2004 TO 21-02-2004 |
| 3. | THEORY EXAMINATION (ODD SEM.) | 23-02-2004 TO 02-03-2004 |

(૨૦) યુનિવર્સિટી સંલગ્ન તબીબી મહાવિદ્યાલય, મજૂરા ગેટ સુરતનાં એમ.એસ.સર્જરીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી શ્રી અજીમ એમ.પતરાવાળાએ ડિસેમ્બર–૯૯માં સર્જરીની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ હોવા છતાં દ્વેષ બુધ્ધિ રાખી નિષ્ફળ જાહેર કરતાં તેમજ રી– એસએસમેન્ટ અંગેના વિવાદ માટે નામદાર સિવિલ કોર્ટમાં રે.દિ.મુ.ને. ર૭૬/ર૦૦૦ દાખલ કર્યો હતો. પ્રસ્તુત દાવાનો નામદાર કોર્ટ તા.૪–૯–ર૦૦૩ના રોજ નિકાલ કર્યો છે. તેની નોંધ લેવા બાબત.

(લીગલસેલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની નોંધ લેવી.

(ર૧) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા તા.૩–૪–પ જાન્યુ. ર૦૦૪ના રોજ ૩૧મો યુવક મહોત્સવ જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલીના યજમાનપદે યોજવામાં આવ્યો હતો. તેના ખર્ચનું બજેટ રૂ.૪,૯૯,૮૭પ/– કુલપતિશ્રી મંજુર કરેલ હોય તેમના પગલાંની નોંધ લેવા બાબત. (યુવક કલ્યાણ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

(રર) – ખાલી –

(૨૩) ડૉ.એસ.કુમાર, પ્રૉ.એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ મેનેજમેન્ટના તા.૧–૯–૨૦૦૩ના પત્રથી હાલમાં યુનિવર્સિટી પર આવતા પરિક્ષકો તેમજ બીજી સભામાં આવતા સભ્યોને હાલમાં રૂા.૩૩/– ઈન્સીડન્સીયલ ચાર્જીસ આપવામાં આવે છે. તેને બદલે ફ્લેટ–રેટમાં રૂા.૭૦/– ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત. (હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી પર આવતા પરિક્ષકો તેમજ બીજી સભામાં આવતા સભ્યોને ઈન્સીડસીયલ ચાર્જીસ રૂા. ૩૩/– માં સુધારો કરવા અંગેની સમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી:

૧. શ્રી હેંમતભાઈ ટોપીવાલા
૨. ડૉ.જી.પી.સનાઢ્ય
૩. ડૉ.પી.કે.હીરાધર
૪. ડૉ.મહેન્દ્રભાઈ ચૌહાણ
૫. ડૉ.કે.વી.દેસાઈ

(૨૪) નાણાંસમિતિની તા.૨૪–૧૨–૦૩ની સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંક:(૭), (૧૦) અને (૧૧) (આ સાથે બિડાણમાં દર્શાવ્યા મુજબ) પર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણાસમિતિની તા.૨૪–૧૨–૨૦૦૩ની ભલામણ ક્રમાંક: (૭), (૧૦) અને (૧૧) અંગે નીચે પ્રમાણે નિર્ણય લેવા:

નાણાસમિતિની ભલામણ ક્રમાંક:(૭)

વેપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગ માટે કેબીપીએસ વાયરલેસ ઈન્ટરનેટની સર્વિસ માટે (સેલ્ફ ફાઈનાન્સ માંથી ખરીદ કરવા) મંગાવવામાં આવેલા ભાવપત્રકોના તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, વેપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગ માટે કેબીપીએસ વાયરલેસ ઈન્ટરનેટની સર્વિસ માટે (સેલ્ફ ફાઈનાન્સમાંથી) Technocrop Info. Ltd. નો ભાવ રૂા.૩,૦૨,૪૦૦/– સૌથી ઓછો હોય તેમનો ભાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

સિન્ડિકેટનો ઠરાવ:

:: વેપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગ માટે કેબીપીએસ વાયરલેસ ઈન્ટરનેટની સર્વિસ માટે (સેલ્ફ ફાઈનાન્સ માંથી) ટેન્ડરો મંગાવી જરૂરી કાર્યવાહી કરવી.

નાણાસમિતિની ભલામણ ક્રમાંક:(૧૦)

યુનિવર્સિટી કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે લેબોરેટરી તથા સંશોધન કાર્ય અંગે વર્ષ ૨૦૦૩–૨૦૦૪ દરમ્યાન જરૂરિયાતનાં કેમિકલ્સ, ગ્લાસવેર્સ. એપરેટસ, રિસર્ચ – કેમિકલ્સ તથા સાધનો વિગેરે વાર્ષિક રેટ–કોન્ટ્રાકટથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે લેબોરેટરી તથા સંશોધન કાર્ય અંગે વર્ષ ૨૦૦૩–૨૦૦૪ દરમિયાન જરૂરિયાતના કેમિકલ્સ, ગ્લાસવેસ, એપરેટસ, રિસર્ચ–કેમિકલ્સ તથા સાધનો વિ. વાર્ષિક રેટ–કોન્ટ્રાકટથી આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ માં દર્શાવ્યા મુજબના ભાવોથી ખરીદવા સિન્ડિકેટને ભલામણ કરવી.

<u>સિન્ડિકેટનો ઠરાવ:</u>

:: યુનિવર્સિટી કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે લેબોરેટરી તથા સંશોધન કાર્ય અંગે ૨૦૦૩–૨૦૦૪ દરમિયાન જરૂરિયાતના કેમિકલ્સ, ગ્લાસવેર્સ, એપરેટર્સ, રિસર્ચ–કેમિકલ્સ તથા સાધનો વિગેરે વાર્ષિક રેટ–કોન્ટ્રાકટથી ખરીદવા માટેની સામેલ (પરિશિષ્ટ–'ક') મુજબની નાણાસમિતિની ભલામણ સ્વીકારવી.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે આ પ્રકારના આઈટમોની ખરીદી માટે ડીપાર્ટમેન્ટના હેડ અને ત્રણ શ્રેયાન અધ્યાપકોની ડીપાર્ટમેન્ટલ કમીટી બનવી તેમની ભલામણોને આગળ કાર્યવાહી માટે યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

<u>નાણાસમિતિની ભલામણ ક્રમાંક:(૧૧)</u>

એક્વેટીક–બાયોલોજી વિભાગ માટે રેઈટ– કોન્ટ્રાકટથી કેમીકલ્સ, ગ્લાસવેર, વિજ્ઞાનિક સાધન–સામગ્રી બિડાણ મુજબ(૬) પાટીઓ પાસેથી સને ૨૦૦૨–૨૦૦૩ (જૂન) સુધી ખરીદવા નાણાંસમિતિ તા.૩–૧–૨૦૦૩, ઠરાવ નં. ૩૮ થી મંજૂરી આપવામાં આવી હતી.

પ્રસ્તુત મંજૂરી સને ૨૦૦૩–૨૦૦૪(જૂન) સુધી રીન્યુ કરવા વિચારણા કરવા બાબત. (અંદાજિત ખર્ચ રૂપિયા બે લાખથી વધુ બજેટ જોગવાઈ મુજબ કરવામાં આવશે.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એક્વેટિક બાયોલોજી વિભાગ માટે રેઈટ કોન્ટ્રાકટથી કેમિકલ્સ, ગ્લાસવેર, વૈજ્ઞાનિક સાધન–સામગ્રી સને ૨૦૦૨–૨૦૦૩ (જૂન) સુધી ખરીદવા ના.સ.ના તા.૩–૧–૨૦૦૩ના ઠરાવ નં.–૩૮ થી જે મંજૂરી આપવામાં અવી હતી તે પ્રમાણે કોન્ટ્રાકટ જૂન– ૨૦૦૩ સુધી રીન્યુ કરવા પરિશિષ્ટ– ૨ માં દર્શાવ્યા મુજબના ભાવોથી ખરીદવા સિન્ડિકેટને ભલામણ કરવી.

<u>સિન્ડિકેટનો ઠરાવ:</u>

:: એક્વેટીક બાયોલોજી વિભાગ માટે રેઈટ કોન્ટ્રાકટથી કેમિકલ્સ, ગ્લાસવેર, વૈજ્ઞાનિક સાધન–સામગ્રી સને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષ માટે મંજૂર થયેલ ભાવે જૂન–૨૦૦૪ સુધી રીન્યુ કરવા માટેની સામેલ પરિશિષ્ટ મુજબની નાણાસમિતિની ભલામણ સ્વીકારવી.

(પરિશિષ્ટ–'ક' અને 'ખ')

(૨૫) યુનિવર્સિટીનું સને ૨૦૦૩–૨૦૦૪ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૪–૨૦૦૫ના અંદાજપત્ર પર વિચારણા કરવા તેમજ આગામી સેનેટની વાર્ષિક સભામાં કયા સભ્યશ્રી પાસે રજૂ (MOVE) કરાવવુ તે અંગે વિચારણા કરવા બાબત. (હિસાબી)

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનું સને ૨૦૦૩–૨૦૦૪ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૪–૨૦૦૫નું અંદાજપત્ર મંજૂર કરવું અને આગામી સેનેટની વાર્ષિક સભામાં સેનેટ સભ્યશ્રી હેમંતભાઈ ટોપીવાલા પાસે રજૂ (MOVE) કરાવવું.

(૨૬) રોફેલ શ્રી જી.એમ બિલખીયા કોલેજ ઓફ અપ્લાઈડ સાયન્સીસ, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી બી.એસસી. ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી, મેડિકલ ટેકનોલોજી તથા બી.સી.એ.નું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના માનદ્ નિયામકશ્રીએ તેમના તા.૧૨–૨–૨૦૦૪ના પત્રાંક:૧૨૬/૨૦૦૩–૨૦૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજમાં સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨૭) શ્રી રજજુ શ્રોફ રોફેલ ઈન્સ્ટિટયૂટ ઓફ બી.બી.એ. પ્રોગ્રામ, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી સ્વનિર્ભર બી.બી.એ.નું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના માનદ્ નિયામકશ્રીએ તેમના

તા.૧૨–૨–૨૦૦૪ના પત્રાંક:૧૩૧/૨૦૦૩–૨૦૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજમાં સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨૮) રોફેલ શ્રી જી.એમ બિલખીયા કોલેજ ઓફ ફાર્મસી, વાપીની શૈક્ષણિક વર્ષ ૨૦૦૪–૦૫ થી સ્વનિર્ભર ફાર્મસી અભ્યાસક્રમનું ચાલુ જોડાણ મેળવવા પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૧૨–૨–૨૦૦૪ના પત્રાંક:૩૫૦/૨૦૦૩–૨૦૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. (સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજમાં સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨૯) તા.૨૩–૧–૨૦૦૪ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભાની કાર્યવાહીની ભલામણો પૈકી ભલામણ ક્રમાંક: (૧૦) પર વિચારણા કરવા બાબત. (એસ્ટેટ)

<u>ભલામણ ક્રમાંક: (૧૦)</u>

કેમ્પસ ખાતે કુલપતિશ્રીના બંગલાના રીનોવેશન માટે આર્કિટેકટશ્રી મનીષ ચોકસી તરફથી મળેલ નકશા તથા અંદાજો પર વિચારણા કરી તા.૨૩–૧–૨૦૦૪ની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિ એ નીચે પ્રમાણે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

:: કેમ્પસ ખાતે કુલપતિશ્રીના બંગલાના રીનોવેશન માટે આર્કિટેકટશ્રીના મનીષ ચોકસી તરફથી રજૂ થયેલ (પ્લાન) નકશાઓ તથા અંદાજો ઉપર ચર્ચા વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવે છે કે, બંગલાના રીનોવેશન માટે આર્કિટેકટશ્રી મનીષ ચોકસી તરફથી મળેલ રૂ.૧૦,૫૬,૦૩૫/– ના અંદાજો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>સિન્ડિકેટનો ઠરાવ</u>

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, કેમ્પસ ખાતે કુલપતિશ્રીના બંગલાના રીનોવેશન માટે આર્કિટેકટ શ્રી મનીષ ચોકસી તરફથી મળેલ રૂ.૧૦,૫૬,૦૩૫/– ના અંદાજો મંજૂર કરવાની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની ભલામણ સ્વીકારવી.

(૩૦) સને ૨૦૦૪ના એપ્રિલ/મે તથા ઓકટો/નવેમ્બર માસમાં લેવાનાર પરીક્ષાઓમાં ગેરરીતિ આચારવાના કિસ્સાઓ તપાસી યોગ્ય પગલાં લેવાની સિન્ડિકેટને ભલામણ કરવા માટે

પરીક્ષા આચારસમિતિના સભ્યોની નિમણૂંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૦૪ના એપ્રિલ/મે તથા ઓકટો/નવેમ્બર માસમાં લેવાનાર પરીક્ષાઓમાં ગેરરીતિ આચરવાના કિસ્સાઓ તપાસી યોગ્ય પગલાં લેવાની સિન્ડિકેટને ભલામણ કરવા માટેની પરીક્ષા આચારસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂંક કરવી:

(૧) શ્રી હેમંતભાઈ ટોપીવાલા (૨) પ્રિ.ઘનશ્યામપ્રસાદ સનાઢ્ય

(૩) પ્રિ.ડો.વિક્રમભાઈ દેસાઈ (૪) ડો.કે.વી.દેસાઈ

(૫) આ.ડો.ભાસ્કરભાઈ રાવલ (૬) ડો.વિપુલભાઈ સોમાણી

(૭) આ.ડો.આર.એ.પટેલ (૮) આ.શ્રી.એન.બી.મહીડા

(૯) આ.શ્રી.ઈશ્વરભાઈ એમ.પટેલ

(૩૧) એપ્રિલ–૨૦૦૩થી એફ.વાય.બી.એસસી. પરીક્ષાના ભૌતિકશાસ્ત્ર વિષયમાં નવા આવેલા અભ્યાસક્રમ મુજબ પ્રોયોગિક પરીક્ષામાં ત્રણત્રણ કલાકના બે પ્રયોગો પૂછાય છે. એપ્રિલ–૨૦૦૨ સુધી ત્રણ કલાકમાં બે પ્રયોગો કરવાના હતા, જેનું મહેનતાણું વિદ્યાર્થી દીઠ રૂ.૬–૫૦ પૈસા હતા. નવા માળખા પ્રમાણે એફ.વાય.બી.એસસી.ની પ્રાયોગિક પરીક્ષાનું માળખું એસ.વાય.બી.એસસી. પ્રમાણે થયું છે. એસ.વાય.બી.એસસી. ની પ્રાયોગિક પરીક્ષાનું મહેનતાણું રૂ.૧૦/– વિદ્યાર્થી દીઠ છે. માટે ન્યાયીક રીતે એફ.વાય.બી.એસસી. પરીક્ષાનું વિદ્યાર્થી દીઠ મહેનતાણું પણ રૂ.૧૦/– નકકી કરવા યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર અભ્યાસ સમિતિના અધ્યક્ષશ્રી ડો.ટી.બી.નાયકના તા.૬–૮–૨૦૦૩ના પત્ર પર નાણાં સમિતિએ તેની તા.૨૪–૧૨–૦૩ના ઠરાવ ક્રમાંક:૧૨ અન્વયે, પ્રસ્તૃત બાબત સિન્ડિકેટ સમક્ષ વિચારણા માટે રજૂ કરવા જણાવ્યુ હોય, પ્રસ્તૃત બાબત, પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, એફ.વાય.બી.એસસી. પરીક્ષાના ભૌતિકશાસ્ત્ર વિષયમાં નવા આવેલા અભ્યાસક્રમ મુજબની પ્રાયોગિક પરીક્ષા માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૧૦/– મહેનતાણું મંજૂર કરવું.

(૩૨) શ્રી નવસારી પશ્ચિમ વિભાગ કોળી સમાજ કલ્યાણકારી ટ્રસ્ટ, નવસારી સંચાલિત નવસારી મુકામે શૈક્ષણિક વર્ષ: ૨૦૦૪–૨૦૦૫ થી સૂચિત મહાત્મા ગાંધી ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સેન્ટર (સ્વનિર્ભર એન્જિનીયરીંગ કોલેજ) નું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટના મેનેજીંગ

ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૧૧–૨–૨૦૦૪નાં પત્રાંક: જીઆઈટીઈઆર/ઈજી/૦૧૫/૨૦૦૪ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજમાં સ્થાનિક તપાસસમિતિ પર સભ્યોની નિમણૂક કરવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

(૩૩) યુનિવર્સિટીના કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટના એક્ષ્ટેન્સનના મકાનના ઓડીટોરીયમ માટે સોફા ખરીદવા અંગે કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટ ધ્વારા મંગાવવામાં આવેલા ભાવપત્રકોના તુલનાત્મક પત્રક પર વિચારણા કરવા બાબત. (એસ્ટેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટના એક્ષ્ટેન્સનના મકાનના ઓડીટોરીયમ માટે સોફા ખરીદવા અંગે ઓર્ડિનન્સ–૩૬ પ્રમાણે ટેન્ડર મંગાવી જરૂરી કાર્યવાહી કરવી.

(૩૪) યુનિવર્સિટી કાર્યાલય તરફથી પરીક્ષા વિભાગ માટે કોરી માર્કશીટના છાપકામ અંગે વર્તમાનપત્રોમાં ટેન્ડર નોટિસ દ્વારા મંગાવવામાં આવેલ ભાવપત્રકો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, કોરી માર્કશીટના છાપકામ માટેના ભાવપત્રકો ફરીથી મંગાવવા.

(૩૫) U.G.C. Career Advancement Scheme હેઠળ યુનિવર્સિટીના ગ્રામ અભ્યાસના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. વિપુલ જે. સોમાણીને રીડર તરીકે નામાભિધાન (Designation) આપવા અંગે ઓર્ડીનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા. ૧૫–૨–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી. કેરીયર એડ્વાન્સમેન્ટ સ્કીમ હેઠળ વ્યાખ્યાતામાંથી રીડર તરીકે 'નામાભિધાન' ( Designation) આપવા અંગની પસંદગી સમિતિની તા.૧૫–૨–૨૦૦૪ ની ભલામણ અન્વયે, યુનિવર્સિટીના ગ્રામઅભ્યાસના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડો.વિપુલ.જે. સોમાણીને રીડર તરીકેનું 'નામાભિધાન' જ્યારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક ( effective ) ગણી આપવું.

(૩૬) U.G.C. Career Advancement Scheme હેઠળ યુનિવર્સિટીના વ્યાપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. મનીષા પાનવાલાને રીડર તરીકે નામાભિધાન

(Designation) આપવા અંગે ઓર્ડીનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા. ૧૫–૨–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી. કેરીયર એડ્વાન્સમેન્ટ સ્કીમ હેઠળ વ્યાખ્યાતામાંથી રીડર તરીકે 'નામાભિધાન' ( Designation) આપવા અંગની પસંદગી સમિતિની તા.૧૫–૨–૨૦૦૪ની ભલામણ અન્વયે, યુનિવર્સિટીના વ્યાપાર અને ઉદ્યોગ વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ.મનીષા પાનવાલાને રીડર તરીકેનું 'નામાભિધાન' જ્યારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક ( effective ) ગણી આપવું.

(૩૭) U.G.C. Career Advancement Scheme હેઠળ યુનિવર્સિટીના Aquatic Biology ના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. કપિલા મનોજને રીડર તરીકે નામાભિધાન (Designation) આપવા અંગે ઓર્ડીનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા. ૧૫–૨–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી. કેરીયર એડ્વાન્સમેન્ટ સ્કીમ હેઠળ વ્યાખ્યાતામાંથી રીડર તરીકે 'નામાભિધાન' ( Designation) આપવા અંગની પસંદગી સમિતિની તા.૧૫–૨–૨૦૦૪ની ભલામણ અન્વયે, યુનિવર્સિટીના એક્વેટીક બાયોલોજી વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ.કપિલા.મનોજને રીડર તરીકેનું 'નામાભિધાન' જ્યારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક ( effective ) ગણી આપવું.

(૩૮) U.G.C. Career Advancement Scheme હેઠળ યુનિવર્સિટીના જીવવિજ્ઞાનના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. એમ.એન. રેડ્ડીને રીડર તરીકે નામાભિધાન (Designation) આપવા અંગે ઓર્ડીનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા. ૧૫–૨–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી. કેરીયર એડ્વાન્સમેન્ટ સ્કીમ હેઠળ વ્યાખ્યાતામાંથી રીડર તરીકે 'નામાભિધાન' ( Designation) આપવા અંગની પસંદગી સમિતિની તા.૧૫–૨–૨૦૦૪ની ભલામણ અન્વયે, યુનિવર્સિટીના જીવવિજ્ઞાના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ.એમ.એન.રેડ્ડીને રીડર તરીકેનું 'નામાભિધાન' જ્યારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક ( effective ) ગણી આપવું.

(૩૯) U.G.C. Career Advancement Scheme હેઠળ યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્યના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. દમયંતિ પરમારને રીડર તરીકે

નામાભિધાન (Designation) આપવા અંગે ઓર્ડીનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા. ૧૫–૨–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી. કેરીયર એડ્વાન્સમેન્ટ સ્કીમ હેઠળ વ્યાખ્યાતામાંથી રીડર તરીકે 'નામાભિધાન' ( Designation) આપવા અંગની પસંદગી સમિતિની તા.૧૫–૨–૨૦૦૪ની ભલામણ અન્વયે, યુનિવર્સિટીના તુલનાત્ક સાહિત્યના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ.દમયંતિ પરમારને રીડર તરીકેનું 'નામાભિધાન' જ્યારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક ( effective ) ગણી આપવું.

(૪૦) U.G.C. Career Advancement Scheme હેઠળ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. આઈ.બી. પટેલને રીડર તરીકે નામાભિધાન (Designation) આપવા અંગે ઓર્ડીનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા. ૧૫–૨–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી. કેરીયર એડ્વાન્સમેન્ટ સ્કીમ હેઠળ વ્યાખ્યાતામાંથી રીડર તરીકે 'નામાભિધાન' ( Designation) આપવા અંગની પસંદગી સમિતિની તા.૧૫–૨–૨૦૦૪ની ભલામણ અન્વયે, યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ.આઈ.બી.પટેલને રીડર તરીકેનું 'નામાભિધાન' જ્યારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક ( effective ) ગણી આપવું.

(૪૧) U.G.C. Career Advancement Scheme હેઠળ યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. મધુભાઈ ગાયકવાડને રીડર તરીકે નામાભિધાન (Designation) આપવા અંગે ઓર્ડીનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા. ૧૫–૨–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી. કેરીયર એડ્વાન્સમેન્ટ સ્કીમ હેઠળ વ્યાખ્યાતામાંથી રીડર તરીકે 'નામાભિધાન' ( Designation) આપવા અંગની પસંદગી સમિતિની તા.૧૫–૨–૨૦૦૪ની ભલામણ અન્વયે, યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ.મધુભાઈ ગાયકવાડને રીડર તરીકેનું 'નામાભિધાન' જ્યારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક ( effective ) ગણી આપવું.

(૪૨) U.G.C. Career Advancement Scheme હેઠળ યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડૉ. એસ.કે. પટેલને રીડર તરીકે નામાભિધાન (Designation) આપવા અંગે ઓર્ડીનન્સ–૩૭ અન્વયે, રચાયેલી પસંદગી સમિતિની તા. ૧૫–૨–૨૦૦૪ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી. કેરીયર એડ્વાન્સમેન્ટ સ્કીમ હેઠળ વ્યાખ્યાતામાંથી રીડર તરીકે 'નામાભિધાન' ( Designation) આપવા અંગની પસંદગી સમિતિની તા.૧૫–૨–૨૦૦૪ની ભલામણ અન્વયે, યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા ડો.એસ.કે.પટેલને રીડર તરીકેનું 'નામાભિધાન' જ્યારે એલીજીબલ થાય તે તારીખથી પ્રમોશન માટે અસરકારક ( effective ) ગણી આપવું.

(૪૩) હાલ સર.પી.ટી.સાર્વજનિક કોલેજ, સુરતમાં રસાયણશાસ્ત્ર વિષયમાં પૂર્ણ સમયના અધ્યાપક શ્રી હેતલકુમાર બી.ગજ્જરની ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગરના તા.૨૯–૧–૨૦૦૪નાં પત્ર ક્રમાંક:કવટ/વ–૩/૨૦૦૩–૦૪/૧૦૯૬–૧૧૦૩ ના આદેશથી યુ.જી.સી.ની ભલામણ મુજબ અધ્યાપકોનો કાર્યભાર વિનાના/અલ્પ કાર્યભાર ધરાવતા અધ્યાપકને આપણી યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગમાં ખાલી જગ્યા પર નિમણૂક કરવાના કરવામાં આવેલ આદેશ સંદર્ભમાં યુનિવર્સિટીમાં તેઓશ્રીની હાજર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી રસાયણશાસ્ત્ર વિભાગમાં ખાલી જગ્યા પર સરકારશ્રી તરફથી શ્રી હેતલકુમાર બી ગજ્જરની નિમણૂક કરવામાં આવી છે પરંતુ તેઓને હાજર કરવા નહીં.

(૪૪) સ્ટાફ અંગેની સ્થાયી સમિતિ તા.૧૦–૨–૦૪ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (વહીવટી)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા.૧૦–૨–૨૦૦૪ની ભલામણો ક્રમાંક: ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮ અને ૯ સામેલ પરિશિષ્ટ મુજબ યથાવત મંજૂર કરવી અને ૪ અને ૫ અંગે નીચે પ્રમાણે નિર્ણય લેવા.

<u>ભલામણ ક્રમાંક: ૫</u>

પ્રસ્તુત ભલામણમાં બિન–શૈક્ષણિક જગાઓ શરૂઆતના (નવ) માસની જણાવી છે તેને બદલે ૮(આઠ) માસની મુદ્દત રાખવી. ભલામણમાં જણાવેલ અન્ય વિગત સામેલ પરિશિષ્ટ મુજબ યથાવત મંજૂર કરવી.

(પરિશિષ્ટ–'ગ')

(૪૫) મેડીકલ ફેકલ્ટીના ડીનશ્રી ડૉ.પી.કે.પટેલના તા.૧૭–૨–૨૦૦૪ના પત્રમાં જણાવ્યા મુજબ મેડીકલના અનુસ્નાતક અભ્યાસમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીની પ્રવેશની પ્રક્રીયા સમયે કોર્ટ મેટર થઈ હોય અને તેવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના સત્ર મંજૂર થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી મંજૂર / કોન્ડોન કરવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે વિદ્યાર્થીઓની ખૂટતી હાજરી અંગેની વિસ્તૃત માહિતી મેળવી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

(૪૬) સાઉથ ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, નવસારી સંચાલિત સાઉથ ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સીસને શૈક્ષણિક વર્ષ : ૨૦૦૩–૨૦૦૪ થી ડી.એમ.એલ.ટી. ( પી.જી. ) ની માન્યતા મેળવવા માટેની અરજી ના સંદર્ભમાં, સિન્ડિકેટે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં અહેવાલ પર એકેડમિક કાઉન્સિલે તેની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૪ અન્વયે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડમિક)

<u>એકેડમિક કાઉન્સિલની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૪</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, સાઉથ ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, નવસારી સંચાલિત સાઉથ ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સીસને શૈક્ષણિક વર્ષ : ૨૦૦૩–૨૦૦૪ થી ડી.એમ.એલ.ટી. ( પી. . ) ની માન્યતા મેળવવા માટેની અર ના સંદર્ભમાં, સિન્ડિકેટે નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિનાં બીજા અહેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોને આધિન શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે ડી.એમ.એલ.ટી. (પી. .) ની માન્યતા આપવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

શરતો :–

1. The institute should subscribe one more magazine e.g. Current Science, Down to earth or Resonance ( any one could be subscribed )
2. The institute should purchase five more student's microscope with oil immersion.
3. The institute may continue to admit 44 candidates every year.
4. The management of the College / Institute shall give an undertaking that it will implement / follow / observe all the rules and regulations of the University that may be made applicable and in force from time to time.
5. The management of the College / Institute shall give an undertaking that the financial deficit, if any, that may result in running the college / courses will be borne by the management.
6. Teaching Faculty / Non – teaching staff will be appointed as per the University rules and as per the conditions laid down by the Syndicate and that the Ord. 69 (A) and 69 (B) will be strictly Followed by the College / Institute.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી અને પ્રસ્તુત ભલામણમાં જણાવેલ તમામ શરતોનું યથાર્થ પરિપાલન થાય તે શરતે સાઉથ ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, નવસારી સંચાલિત સાઉથ ગુજરાત ઈન્સ્ટિટયૂટ ઓફ મેડીકલ સાયન્સીસને શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે ડી.એમ.એલ.ટી. (પી.જી) ની માન્યતા આપવી.

(૪૭) **એન્જીનીયરીંગ ફેકલ્ટીની તા. ૨૧–૦૧–૦૪ ની સભાની કાર્યવાહીના ઠરાવ ક્રમાંક : ૬ અન્વયે કરેલી નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૧૧ અન્વયે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.** (એકેડેમિક)

**ઠરાવ :–" દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન તમામ ઈજનેરી કોલેજોની ગુણવત્તાને ધ્યાનમાં લઈને ટીચીંગ સ્ટાફની નિમણૂંક તાત્કાલિક ધોરણે થાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ છે. "**

**એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૧૧**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઈજનેરી વિદ્યાશાખાની ઉપરોકત ભલામણનો યથાવત્ સ્વીકાર કરવામાં આવે છે અને તે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. વધુમાં અન્ય**

વિદ્યાશાખાઓમાં જ્યાં જ્યાં સેલ્ફ ફાઈનાન્સ ઈન્સ્ટીટ્યૂટસ્ છે, ત્યાં પણ ઉપરોકત ભલામણ પ્રમાણે કાર્યવાહી થાય તેની જોગવાઈ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન તમામ ઈજનેરી કોલેજો અને અન્ય વિદ્યાશાખાઓમાં જ્યાં સેલ્ફ ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂટ છે ત્યાં ટીચીંગ સ્ટાફની નિમણૂક તાત્કાલિક ધોરણે થાય તે માટેની એકેડમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ સ્વીકારવી.

(૪૮) ( એકેડમિક કાઉન્સિલમાં તેની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની બાબત નં. ૧૨ અને ૩૨ ની સંયુકત વિચારણા કરવામાં આવી હતી ) (એકેડમિક)

બાબત નં : ૧૨

જે તે વિદ્યાશાખામાં નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા હોય, તે વિદ્યાશાખા હેઠળ નીચે જણાવ્યાનુસારની પદવી સ્ટેટયૂટ – ૨૨૯ તથા સ્ટેટયૂટ – ૨૨૯ (એ) માં આમે જ કરવા અને સુધારેલ સ્ટેટયૂટ – ૨૨૯ તથા સ્ટેટયૂટ – ૨૨૯ (એ) બિડાણમાં વંચાય તે રીતે સુધારવા / મંજૂર કરવા એકેડમિક કાઉન્સિલે તેની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૧૨ અન્વયે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

UNDER STATUTE – 229

(1) Faculty of Arts :

4. Bachelor of Arts ( Shastri ) - [ B.A. ( Shastri ) ]

10. Master of Arts ( Acharya ) - [ M.A. ( Acharya ]

19. Diploma in Mass Communication - [ D.M.C. ]

(2) Faculty of Education :

2. Bachelor of Education ( Basic Education )-[ B.Ed. ( Basic Edu. ) ]

4. Bachelor of Physical Education ( One year ) - [ B.P.Ed.(One year)]

(3) Faculty of Science :

10. Master of Science in Medical Technology- [ M.Sc. (Medi. Tech.) ]

STATUTE – 229 7 (7) and 7 (8) be deleted FROM Faculty of Commerce and should be added under (9) Faculty of Management Studies as below :

(9) Faculty of Management Studies :

1. Master of Business Administration - [ M.B.A. ]
2. Master of Philosophy in Management - [ M.Phil in Management]
3. Doctor of Philosophy in Management - [ Ph.D. in Management ]
4. Diploma in Business and Industrial Management - [ D.B.I.M. ]
5. P.G. Diploma in Entrepreneurship and Small Business -[ P.G. Diploma in S.B. ]
6. P.G. Diploma in Tourism & Hotel Management -[ P.G. Diploma in T.M. ]

7. P.G. Diploma in Hospital Management - [ P.G. Diploma in H.M. ]

UNDER STATUTE – 229 (A)

(1) FACULTY OF ARTS :

1. Bachelor of Arts ( External ) - [ B.A. ( External ) ]

(7) FACULTY OF COMMERCE

1. Bachelor of Commerce ( External )- [B.Com. ( External ) ]

(૨) હાલનો સ્ટેટયૂટ ૨૨૯ – (એ) નીચે મુજબ છે.

STATUTE – 229 (A) :

The University shall award the Degree of (1) Master of Arts (External) and (2) Master of Commerce ( External ) to such students who have been exempted from attendance at courses of studies at affiliated College, recognised Institute or University Department and who have passed the qualifying examination for the respective degree.

બાબત નં : ૩૨

વિનયન વિદ્યાશાખા હેઠળ નીચે જણાવેલ નવો અભ્યાસક્રમ અમલમાં આવ્યો હોવાથી નીચે જણાવ્યાનુસાર પદવી સ્ટેટયૂટ – ૨૨૯ માં આમે જ કરવા / મંજૂર કરવા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૩૨ અન્વયે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

UNDER STATUTE – 229

(1) Faculty of Arts :

26. P.G. Diploma in Public System Management [ P.G.D.P.S.M. ]

એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાનીબાબત ક્રમાંક : ૧૨ અને ૩૨ નો સંયુકત ઠરાવ

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવ્યા પ્રમાણે જે તે વિદ્યાશાખા હેઠળની પદવી સ્ટેટયૂટ – ૨૨૯ તથા સ્ટેટયૂટ – ૨૨૯ (એ) માં આમે જ કરવા અને સુધારેલ સ્ટેટયૂટ – ૨૨૯ તથા સ્ટેટયૂટ – ૨૨૯ (એ) બિડાણમાં વંચાય તે રીતે સુધારવા / મંજૂર કરવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણના સંદર્ભમાં સ્ટેટયૂટ–૨૨૯ તથા ૨૨૯(એ) માં સુધારો કરી આખરી ઓપ આપવા નીચેના સભ્યોની નિમણૂક કરવી:

૧ ડો.પી.કે.હીરાધર ૨. આ.શ્રી.જી.પી.સનાઢય

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સમિતિએ આખરી ઓપ આપેલ સ્ટેટયૂટ–૨૨૯ અને ૨૨૯(એ) કુલપતિશ્રી સમક્ષ રજૂ કરવો અને સિન્ડિકેટ વતી મંજૂર કરેલ સ્ટેટયૂટ આગામી સેનેટમાં રજૂ કરવો.

**(૪૯) એમ. એડ્. પાર્ટ ટાઈમનો અભ્યાસક્રમ શરૂ કરવા અંગે વિચારણા કરવા અંગે શિક્ષણ વિદ્યાશાખાની તા. ૩૦–૦૧–૦૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૫ અન્વયે કરેલી નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૨૯ અન્વયે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.** (એકેડેમિક)

<u>શિક્ષણ વિદ્યાશાખાની તા. ૩૦–૦૧–૦૪ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૫</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એડ્ પાર્ટ ટાઈમનો અભ્યાસક્રમ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૦૪ થી શરૂ કરવા માટે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.**

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૨૯</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ વિદ્યાશાખાની ઉપરોકત ભલામણ સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી.**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ યથાવત સ્વીકારવી.

**(૫૦) શ્રી એમ.એસ.કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારીને શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ થી શ્રીમતી ભગવતીબેન મોહનલાલ કંસારા કોલેજ ઓફ એજ્યુકેશન ( મહિલા બી.એડ્., કોલેજ ) નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં નિયકુત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૩૦ અન્વયે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.** (એકેડેમિક)

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૩૦</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી એમ.એસ.કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારીને શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ થી શ્રીમતી ભગવતીબેન મોહનલાલ કંસારા કોલેજ ઓફ એજ્યુકેશન (મહિલા બી.એડ્., કોલેજ ) નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસસમિતિના નકારાત્મક અહેવાલ સ્વીકારવા આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણ યથાવત સ્વીકારવી.

(૫૧) તબીબી વિદ્યાશાખા હેઠળના અનુસ્નાતક અભ્યાસક્રમોમાં આપવામાં આવતી ડિગ્રી / ડિપ્લોમાંના નામાભિધાન ( NOMENCLATURES ) બદલી તેનો અમલ કરવાની વિનંતી કરતા MCI ના ડેપ્યુટી સેક્રેટરી ડૉ. પી. કુમારના તા. ૧૩–૦૧–૨૦૦૩ ના પત્રાંક : MCI/ ૨૪ – (i) / ૨૦૦૨ – Med / ૩૨૨૨૪ પર તથા હાલમાં સ્ટેટ્યૂટ – ૨૨૯ હેઠળ અપાતી વિવિધ પદવી અને ડિપ્લોમાંના નામાભિધાન (NOMENCLATURES) માં ફેરફાર કરવા તથા હાલમાં અપાતી ડિગ્રી / ડિપ્લોમાં સ્ટેટ્યૂટ – ૨૨૯ માં જરૂરી સુધારા – વધારા કરવા અંગે તબીબી વિદ્યાશાખાની નીચેની ભલામણ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાના ઠરાવ નં. ૨૪ અન્વયે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત. (એકેડેમિક)

**તબીબી વિદ્યાશાખાની તા. ૦૭–૦૨–૦૪ ની ભલામણ ક્રમાંક : ૨**

:: આથી ઠરાવવામાં આવે છે કે, MCI ના તા.૧૩–૦૧–૨૦૦૩ના પત્રમાં સૂચિત કરેલ પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેના ડિગ્રીમાં ડિપ્લોમાં પદવીઓનું નામભિધાન મંજૂર કરવા તેમજ હાલના સ્ટેટ્યૂટ – ૨૨૯ માં જરૂરી સુધારા વધારા કરવા આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૦૨–૨૦૦૪ ની સભાનો ઠરાવ ક્રમાંક : ૨૪**

:: આથી ઠરાવવામાં આવે છે કે, તબીબી વિદ્યાશાખાની તા. ૦૭–૦૨–૦૪ ની ભલામણ ક્રમાંક : ૨ અન્વયે M.C.I. ના તા. ૧૩–૦૧–૦૩ ના પત્રમાં સૂચિત કરેલ પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેના ડીગ્રીમાં / ડિપ્લોમાં પદવીઓનું નામાભિધાન મંજૂર કરવા તેમજ હાલના સ્ટેટ્યૂટ – ૨૨૯ માં જરૂરી સુધારા વધારા કરવા આ સભા સિન્ડિકેટને આ સભા ભલામણ કરે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત ભલામણના સંદર્ભમાં સ્ટેટ્યૂટ–૨૨૯ માં સુધારા કરી આખરી ઓપ આપવા નીચેના સભ્યોની નિમણૂક કરવી:

૧. ડો.પી.કે.હીરાધર ૨. આ.શ્રી.જી.પી.સનાઢ્ય

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત સમિતિએ આખરી ઓપ આપેલ સ્ટેટ્યૂટ–૨૨૯ કુલપતિશ્રી સમક્ષ રજૂ કરવો અને સિન્ડિકેટ વતી મંજૂર કરેલ સ્ટેટ્યૂટ આગામી સેનેટમાં રજૂ કરવો.

(૫૨) પરીક્ષા આચારસમિતિની તા.૩–૨–૨૦૦૪ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. (પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

**અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી.**

(૫૩) યુનિવર્સિટીના શૈક્ષણિક તેમજ બિન–શૈક્ષણિક કર્મચારીઓના પગારમાંથી કાપવામાં આવતા આવકવેરાની રકમ દર મહિને સરકારી તિજોરીમાં ભરવામાં આવે છે તે અંગેની માહિતી આવકવેરા

વિભાગને ચલણો, રીટર્ન ધ્વારા જણાવવામાં આવે છે. તેમ છતાં આયકર વિભાગ તરફથી સને ૧૯૯૫–૯૬ તથા ૧૯૯૬–૯૭ ના વર્ષમાં કર્મચારીઓના ભરવામાં આવેલા આવકવેરાની રકમ કે જે શોર્ટ ડીડકશનનું કારણ દર્શાવી રકમ જમા કરાવવા જણાવવામાં આવ્યું હતું. તેના સંદર્ભ યુનિવર્સિટી ઈન્કમટેક્ષ વકીલ શ્રી આર એન વેપારીને સદરહુ બાબતે કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું હતું આમ છેલ્લા પાંચ–છ વર્ષથી આ અંગે આયકર વિભાગ સાથે કેસ ચાલે છે.

ઉપરોકત બાબત અંગે આયકર વિભાગના તા.૨૬–૧૨–૦૩ના પત્ર ક્રમાંક:એસ.આર.ટી/ આઈ.ટી.ઓ/ટી.ડી.એસ/૧/રીકવરી/૦૩–૦૪ ના પત્રથી રૂ.૧,૦૯,૪૦૦/– સને ૧૯૯૬–૯૭ ૫/S ૨૭૨ (એ) (૨) (જી) મુજબની રકમ તાકીદે ભરવા અંગે જણાવવામાં આવ્યું છે. તેમજ આ સિવાયની રકમ તા.૨૩–૧–૦૪ના રોજ ચલણ ધ્વારા સરકારી તિજોરીમાં જમા કરાવવામાં આવેલ છે. તો તે ભરવા અંગે વિચારણા કરવા બાબત.

:: આથી ઠરાવવામાં આવે છે કે, આયકર વિભાગના તા.૨૬–૧૨–૨૦૦૩ના પત્રથી જણાવેલ પેનલ્ટીની રકમ ભરવા માટે ઘટતો નિર્ણય લઈ આગળની કાર્યવાહી કરવા ઈ.ચા.કુલસચિવને સત્તા આપવી.

વધુમાં, ઠરાવવામાં આવે છે કે, આ પ્રશ્ન કેવી રીતે ઉપસ્થિત થયો તેનો અને તે અંગે કરવામાં આવેલ કાર્યવાહીનો ઘટના ક્રમ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવો.

યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા:૧૫–૪–૨૦૦૪
ક્રમાંક : એસ–૧(૧)/૩૩૮૧
પ્રતિ,
સિન્ડિકેટ ના સર્વે સભ્યશ્રીઓ............

ઈ.ચા.કુલસચિવ
તા: ૧૫–૪–૨૦૦૪